**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૨ ટકા

# સે-૭ શિવશકિત માતાજીના ચાચરચોકમાં ખેલૈયાઓનો જમાવડો



ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર શહેરમાં નવરાત્રીનો માહોલ ચરમસીમાએ જામ્યો છે. ગરબા પ્રેમીઓ ગરબા મેદાનમાં ધુમ મચાવી રહ્યા છે. એક એકથી ચડીયાતા ભાતીગળ વસ્ત્રોમાં સુસજજ થઈને ખેલૈયાઓ મેદાનમાં અવનવા સ્ટેપ્સ સાથે ગરબા ગાઈ રહ્યા છે. ત્યારે શહેરના સેકટર-૭ સી શિવશકિત માતાજીના ચાચરચોકમાં છઠ્ઠા નોરતે ખેલૈયાઓનો ભારે જમાવડો જોવા મળ્યો હતો. ભાણાભાઈ મ્યુઝીકલ ગ્રુપના ભાણાભાઈ પ્રજાપતિએ રાસ-ગરબાની રમઝટ બોલાવતા ખેલૈયાઓને મોજ પડી ગઈ હતી.

ગાંધીનગર શહેરના સેકટર-૭ સી શિવશકિત નવરાત્રી મહોત્સવ છેલ્લા અઢી દાયકાથી યોજાય છે. પ્રાચીન-અર્વાચીન ગરબાના તાલે નાના બાળકથી લઈને વડીલો ગરબે ઘુમી માતાજીની ભકિત અને આરાધના કરી રહ્યા છે. છેલ્લા બે વર્ષથી ડી.જે.ના તાલે ગરબા યોજાયા હતા. પરંતુ ૨૫ માં વર્ષની ઉજવણીના ભાગરુપે વિવિધ પાર્ટીના ખ્યાતનામ ગાયક કલાકારો માતાજીના ચાચરચોકમાં ગરબે ગવડાવે છે. જયારે ચાર સભ્યોની કમિટી નિમાઈ છે જે દરરોજ વિવિધ ડ્રેસ અને સુંદર ગરબા ગાતા હોય તેમને નવમાં દિવસે અંદાજીત ૩૦ હજ્જાર રૂપીયાના ઈનામ વિતરણ કરવામાં આવશે. જયારે માતાજીના ચાચર ચોકની આસપાસ પાર્કીંગથી લઈને સલામતી માટે યુવક મંડળના ૭૦ થી વધુ યુવાનો ખડેપગે રહે છે તેમ સેકટર-૭ સી નવરાત્રી મંડળના પ્રમુખ લાલુભા વાઘેલાએ જણાવ્યું હતું. તેમજ સુંદર લાઈટીંગ અને મોકળાશભર્યા વાતાવરણમાં ખેલૈયાઓ આનંદથી ગરબામાં ઝુમી ઉઠે છે. દરરોજ રાત્રીના ૧૨ કલાકે ગરબા બંધ કરી દઈને સરકારના નિયમનું પાલન કરવામાં આવે છે. ત્યારે જેમ જેમ નવરાત્રીના દિવસો વિતતા જાય છે તેમ ખેલૈયાઓનો ઉત્સાહ વધી જવા પામ્યો છે. સે-૭ સીમાં ભકતોનો ભારે મેળાવડો જામે છે અને માતાજીના દર્શન કરી ગરબે ઘુમી ધન્યતા અનુભવે છે.



# સિવિલના સેન્ટ્રલ મેડીકલ સ્ટોરમાં પાણી ફરી વળ્યા

ગાંધીનગર, તા.૧૬
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક પછી એક સમસ્યા સામે આવે છે. તંત્રમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવો ઘાટ સર્જાયો છે. સિવિલમાં જાણે સમસ્યાઓ સમવાનું નામ લેતી નથી. ત્યારે તાજેતરમાં સિવિલ કેમ્પસના નવા બિલ્ડીંગના ભોંયતળીએ આવેલા સેન્ટ્રલ મેડીકલ સ્ટોરમાં સવારના સમયે પાણી ઘુસી ગયા હતા.દવાઓ તેમજ ઈન્જેંકશનનો મોટીમાત્રામાં જથ્થો હોય તેવા સ્થળે પાણી ફરી વળતા કર્મચારીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. જયારે દવાઓના બોકસ કે અન્ય સામગ્રી પાણીના પ્રવાહમાં ભીની થઈ છે કેમ તે પણ જાણવું જરુરી બન્યું છે. જયારે સફાઈ કર્મચારીઓ ભારે જહેમત બાદ પાણી નીકાલની વ્યવસ્થા કરી હતી. આ પાણી ગટરનું ગંદુ હતું કે પછી ચોખ્ખું તે તપાસનો વિષય છે, પરંતુ પાણી આવ્યું કયાંથી તે પણ સવાલ દરેકને સતાવી રહ્યો હતો.



ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. તાવથી માંડીને હિમોડાયાલિસીસ સુધીની સારવાર થાય છે. સિવિલમાં દર્દીઓને મળતી આરોગ્યલક્ષી સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે. ત્યારે સિવિલની નવી બિલ્ડીંગમાં ભોંયતળીએ મેડીકલ સ્ટોર આવેલો છે. જેમાં દર્દીઓને આપવામાં આવતી દવાઓ તેમજ ઈન્જેંકશન રાખવામાં આવે છે. પ્રાપ્ત માહિતી મુજબ અહીંથી દવાનો જથ્થો જે તે વિભાગમાં મોકલવામાં આવે છે. ત્યારે તાજેતરમાં સેન્ટ્રલ મેડીકલ સ્ટોરમાં સવારના સમયે પાણી ફરી વળ્યા હતા.પાણી પાઈપ લાઈન તુટવાથી કે ગટર ઉભરાવવાથી આવ્યું તે કોઈ જાણતું નથી. પરંતુ પાણી દવાના સ્ટોરમાં ફરી વળતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. સિવિલના વર્ગ-૪ ના માણસોએ પાણી બંધ કરીને સફાઈ કરી દીધી હતી. જયારે અચાનક પાણી આવતા સૌ કોઈ ચિંતામાં ડુબેલા નજરે પડતા હતા. સિવિલમાં પીઆઈયુ વિભાગને જાણ કરવામાં આવતા તેઓએ પાણી કયાંથી અને કેવી રીતે આવ્યું તેની તપાસ હાથ ધરી હતી.

# પાળેલા કુતરાને કચડી દેનાર આઈશર ચાલક સામે ફરિયાદ

ગાંધીનગર, તા.૧૬
શહેરના સેકટર-૧૦ ખાતે શિક્ષણ બોર્ડની કચેરીમાં સવારે કચરો ઉઠાવવા મહાનગર પાલિકાનું આઈશર આવ્યું હતું. બેફામ ગતિએ નીકળેલા આ આઈશરે બોર્ડની કચેરીમાં ફરજ બજાવતા સિકયુરીટી ગાર્ડના પાળેલા દેશી કુતરાનો કચડી નાંખતા સિકયુરીટી ગાર્ડ કચેરીમાં જ ધ્રુસકેને ધ્રુસકે રડયો હતો. આ ગાર્ડે સે-૭ પોલીસ મથકમાં આઈશર ચાલક સામે ફરિયાદ આપાત પોલીસે ગુનો દાખલ કરાવી મૃતક કુતરાનું સે-૩૦ પશુ દવાખાને પોસ્ટમોર્ટમ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.




મળતી માહિતી મુજબ સે-૧૦-બી ખાતે આવેલી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કચેરી ખાતે સિકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા પ્રફુલભાઈ બેચરભાઈ પટેલે કચેરીમાં જ એક દેશી કુતરાને પાળ્યું હતું. આ કુતરા સાથે તેમને વિશેષ લગાવ હતો. આજે સવારે મનપાની કચરો ઉપાડવા નીકળેલી આઈશર ત્યાં આવી પહોંચી હતી. બેફામ ગતિએ નીકળેલી આ જીજે ૧૮ જીબી ૦૩૭૭ નંબરના આઈશરના ચાલકે બોર્ડ કચેરીના સંકુલમાં પાળેલા કુતરા ઉપર ટાયર ફેરવી દેતા કુતરાનું મોત થયું હતું. શોકમાં ગરાકવ થઈ ગયેલા સિકયુરીટી ગાર્ડે આ મામલે આઈશર ચાલક સામે સે-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા જમાદાર પ્રવિણસિંહે ચાલક સામે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

# એપોલો હોસ્પિટલના ગાર્ડનમાં સાઈબાબાના મંદિર પાસે કોઈ નવજાત બાળકી ત્યજી ગયું...!

ગાંધીનગર, તા.૧૬
ભાટ પાસે આવેલી એપોલો હોસ્પિટલના ગાર્ડનમાં સાંઈબાબાના મંદિર પાસેથી ગઈ રાત્રે આશરે ચાર દિવસની ત્યજી દેવાયેલી નવજાત બાળકી મળી આવતા ચકચાર મચી જવા પામી છે. સીસીટીવી કેમેરાથી સજ્જ આ હોસ્પિટલના ગાર્ડનમાં કોઈ આ બાળકીને ત્યજીને ફરાર થઈ ગયું હતું. હોસ્પિટલ સ્ટાફને બાળકી મળી આવતા તાત્કાલિક અડાલજ પોલીસને જાણ કરીને બોલાવી લેવાઈ હતી. બીજી તરફ બાળકીને સારવાર અર્થે મોકલી દેવાઈ હતી. પોલીસે ગુનો દાખલ કરી બાળકીને ત્યજી દેનાર સુધી પહોંચવા કવાયત શરુ કરી છે.

ગઈકાલે રાત્રે નવેક વાગ્યાના અરસામાં એપોલો હોસ્પિટલના ગાર્ડનમાંથી એક બાળકીનો રડવાનો અવાજ આવતા હોસ્પિટલ સ્ટાફ અને દર્દીઓના સગા વ્હાલાઓ ગાર્ડનમાં પહોંચી ગયા હતા. ગાર્ડનમાં જઈને જોયું તો સાંઈબાબાના મંદિર પાસે આશરે ચારેક દિવસ પહેલા જ જન્મેલી નવજાત બાળકી ત્યજી દેવાયેલી હાલતમાં હતી. તાત્કાલિક આ મામલે હોસ્પિટલ કર્મચારી જીતેન્દ્રભાઈએ અડાલજ પોલીસને જાણ કરી બોલાવી લેતા પીએસઆઈ એસ.એન. ચૌધરી સ્થળ પર આવી પહોંચ્યા હતા. બાળકીને હોસ્પિટલમાં સારવાર અર્થે મોકલી તેણીને ત્યજી દેનાર વાલી સુધી પહોંચવા હોસ્પિટલના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવવા કવાયત શરુ કરી છે.

# વાસણા હડમતીયાની શ્રીરંગ પાર્ક સોસાયટીમાં ઘરફોડ ચોરી

ગાંધીનગર, તા.૧૬
સરગાસણ પાસે આવેલા વાસણા હડમતીયા ખાતે શ્રીરંગ પાર્ક સોસાયટીમાં રહેતું એક પરિવાર મકાન બંધ કરીને ત્રણ દિવસ માટે બહારગામ ગયું હતું તે દરમિયાન તેમના બંધ મકાનને ટાર્ગેટ કરીને તસ્કરોએ મકાનમાંથી હાથફેરો કરી નાંખ્યો હોવાનું ધ્યાને આવ્યું છે. મકાનમાંથી તસ્કરોએ સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ. ૨.૩૦ લાખની મત્તા સાફ કરી લીધી છે. આ મામલે મકાનમાલિકની ફરિયાદને આધારે સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ સરગાસણ પાસે આવેલા વાસણા હડમતીયા ખાતે પ્લોટ નં. ૧૫૩માં શ્રીરંગ પાર્ક સોસાયટીમાં રહેતા મગનભાઈ ચારેલ ૧૩ ઓકટોબરે પોતાના પરીવાર સાથે મકાનને તાળુ મારીને બહારગામ ગયા હતા. ગઈ કાલે ૧૬ ઓકટોબરે તેઓ ઘરે પરત ફર્યા અને જોયું તો તેમના બંધ મકાનના મુખ્ય દરવાજાનું તાળુ અને નકુચો તુટેલી હાલતમાં હતો. અંદર મકાનમાં સરસામાન વેરવિખેર હતો અને તિજોરીઓના લોક તુટેલા હતા. ત્રણ દિવસ દરમિયાનમાં ત્રાટકેલા તસ્કરો મકાનને ટાર્ગેટ કરીને અંદર ઘુસી રૂ. ૨.૩૦ લાખની કિંમતના સોના ચાંદીના દાગીના ઉઠાવી ફરાર થઈ ગયા હોવાનું ધ્યાને આવ્યું હતું. આ મામલે સે-૭ પોલીસ મથકમાં મકાનમાલિક મગનભાઈ ચારેલે ફરિયાદ આપતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંત તથા ડૉગ સ્કવોર્ડ બોલાવી ઘટનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.




જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા માણસા તાલુકાના ખરણા ગામ ખાતે વિશ્વ અન્ન દિવસ ઉજવાયો હતો. સયુંકત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન દ્વારા દર વર્ષે સમગ્ર વિશ્વમાં ૧૬ ઓકટોબર વિશ્વ અન્ન દિવસ તરીકે ઉજવવામાં આવે છે. કેન્દ્રના વિષય નિષ્ણાત ભરત હડિયા દ્વારા ભારત દેશની હાલની અનાજ ઉત્પાદનની સ્થિતિ અને આવનાર સમયની માંગ તેમજ અન્નનો બગાડ અટકાવવા માટેના આવશ્યક પગલાઓ વિશે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. કેન્દ્રના નિયામક ડો. ગર્ગ દ્વારા ખેડૂતોને પાક કાપણી પછીના વ્યવસ્થાપન તેમજ અનાજ સંગ્રહ દરમિયાન પશુ પક્ષીઓ તેમજ જીવાતોથી રક્ષણ મેળવવા માટે જરૂરી પગલાઓ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ગામના ખેડૂત ભાઈઓ અને બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ ગાંધીનગર શાખા દ્વારા યોજાયેલ ગરબા મહોત્સવમાં રાખેલ લક્કી ડ્રોના વિજેતાઓમાં ભારતીબેન પટેલ, ચંદ્રિકાબેન પંડયા, જશોદાબેન જોષીયારા, ભારતીબેન પોપટ, અંજનાબેન ગોર, પુષ્પાબેન પરીખ, ભાવનાબેન આચાર્ય, લક્ષ્મીબેન પારઘી, ડિમ્પલબેન દેસાઈ, વીણાબેન રાણા, કાજલબેન ડાભી, મીનાબેન સચદેવા, અમીતાબેન, નીલુબેન શર્મા, બીંદીબેન મહેતા, ઉષાબેન ટાંક વિજેતા જાહેર થયા હતા.

આ કાર્યક્રમમાં ગાંધીનગરની મહિલા સંસ્થાઓના પ્રમુખોએ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંજુલાબેન ભલગામીએ કર્યું હતું. કાર્યક્રમને સફળ કરવામાં શાખા પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે તેમજ કમિટીની હાજર બહેનોએ જહેમત ઉઠાવી હતી.



# સરગાસણની સોસાયટીઓમાં ગરબા ગ્રાઉન્ડનો માહોલ

ગાંધીનગર, તા.૧૬
મા જગદંબાનું પર્વ નવરાત્રી તેની ચરમસીમા તરફ આગળ વધી રહ્યું છે તેમ તેમ ખેલૈયા ભાઈ-બહેનોનો ઉત્સાહ બમણો થઈ રહ્યો છે. હાલ શહેરી વિસ્તારોમાં ગરબા ગ્રાઉન્ડનું મહ્ત્વ વધી રહ્યું છે ત્યારે ન્યુ ગાંધીનગરના વિસ્તાર સરગાસણની સોસાયટીઓમાં ગરબા ગ્રાઉન્ડ જેવો માહોલ ઉભો કરી નવરાત્રી મહોત્સવની લોકો મજા મેળવી રહ્યા છે. સમીસાંજથી રોશનીથી ઝળહળતી સોસાયટીઓમાં આરતી, ગરબા અને નાસ્તા-પાણીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. વળી સોસાયટીમાં ફાળો ઉઘરાવીને કે પછી ઉદાર હાથે દાન કરનાર દાતાઓના સહકારથી નવરાત્રીમાં મન મુકીનો ખેલૈયાઓને પૂરતો આનંદ પ્રાપ્ત થાય તેવા પ્રયાસ થાય છે.

સરગાસણની શ્રીશરણમ્ સોસાયટીમાં પણ નવરાત્રી મહોત્સવ ધામધૂમપૂર્વક ઉજવાઈ રહ્યો છે. તેમાં પાંચમ નોરતે



ખેલૈયાઓ વચ્ચે સ્પર્ધા યોજી ઈનામો આપવામાં આવ્યા હતા જેમાં વિવિધ ટ્રેડીશનલ પહેરવેશ, અવનવા સ્ટેપ્સ અને સતત અંત સુધી ગરબો ઘુમનારને સોસાયટીના ઈનામી દાતા મુકેશભાઈ ચોવટીયા તરફથી મહિલા, પુરુષ, નાના ભુલકાં, કિશોરીઓ અને વડીલોને ઈનામ આપી પ્રોત્સાહીત કરાયા હતા.

આ સાથે સરગાસણની અન્ય સોસાયટીઓ સુયશ ક્રિસ્ટલ, વૃંદાવન, દીવ્ય સંસ્કાર, પાર્થના હીલ્સ, પ્રમુખનગર, દેવશરણમ્, મારૂતિ આમ્રકુંજ, પૃથ્વી હોમ્સ વગેરેમાં પણ નવરાત્રી મહોત્સવની ધામધુમપૂર્વક ઉજવણી થઈ રહી છે.

## @ગાંધીનગર

● કલ્ચરલ ફોરમ દ્વારા આઠમા નોરતે ગોલ્ડન ચીયર્સ ૭.૩૦ કલાકે ગરબાની રમઝટ બોલાવશે.

● શ્રી મહાકાળી માતાજી સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સે-૫ ખાતે શેરી ગરબા યોજાશે જેમાં પાર્થ પટેલ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૧ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા ડી.જે. સાઉન્ડ સિસ્ટમ પર ગરબા રાત્રે ૮ કલાકે યોજાશે.

● સે-૭ શિવ શકિત નવરાત્રી મહોત્સવ સમિતિ દ્વારા શીતલ પટેલ, સુલોચના વ્યાસ દ્વારા રાસ ગરબાની રમઝટ સે-૭-સી શિવશકિત મંદિર ચોક ખાતે બોલાવાશે.

● સે-૩ ન્યુ નવરાત્રી સમિતિ દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે કૃણાલ ઓરકેસ્ટ્રા દ્વારા રાસ ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૨૨ શોપીંગ સેન્ટર ખાતે માતાજીના ચાચર ચોકમાં ચંદ્રકાન્ત ઠાકોર દ્વારા ગરબાની રમઝટ રાત્રે ૮ કલાકે જામશે.

● માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આસો સુદ આઠમના રોજ બપોરે ૧ થી ૪ કલાક દરમિયાન વનીશાબેન પટેલ, પ્લોટ નં. ૭૯૪, મેઘધનુષ ફલેટ, મહારાષ્ટ્ર ભવનની સામે, સે-૨૧ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા સવારે ૯.૩૦થી ૧૦.૩૦ કલાકે વાહન પૂજન કાર્યક્રમ એસ.ટી. ડેપો ગાંધીનગર ખાતે કરાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ સે-૨૬ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે સ્વસ્તિક મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કેશવલાલ હિરજીભાઈ, ઉ.વ. ૬૮
- સ્વ. ચાવડા મહેશભાઈ દુધાભાઈ, ઉ.વ. ૪૮
- સ્વ. મુનેચા રાજુભાઈ શીવાભાઈ, ઉ.વ. ૩૧
- સ્વ. શિલ્પા રણછોડભાઈ નાયક, ઉ.વ. ૧૨
- સ્વ. ભીલ બળવંતભાઈ સુબાજી, ઉ.વ. ૫૦

# આજે મા મહાગૌરીના પૂજન સાથે આઠમના હોમ-હવન



**અન્નપુર્ણા, ઐશ્વર્ય પ્રદયિની, ચૈતન્યમયી અને ત્રૈલોકય પૂજયા તરીકે પણ આ દેવી પૂજનીય છે : ધન, વૈભવ, સુખ-શાંતિની અધિષ્ઠાત્રી દેવીને પ્રસાદમાં શ્રીફળ અને તેના વ્યંજન ધરાવવાનો મહિમા છે**

ગાંધીનગર, તા.૧૬
મા આદ્યશકિતનું મહાન પર્વ તેની પરાકાષ્ઠાએ પહોંચી પુર્ણતા તરફ આગળ વધી રહ્યું છે. પર્વના આજે આઠમના દિવસે મા ભગવતીના 'મહાગૌરી' સ્વરૂપના પૂજન કરવામાં આવશે તેમજ હોમ-હવન કરી આહુતિઓ અપાશે. આઠમી શકિત મા મહાગૌરીએ ભગવાન શિવને પામવા કઠોર તપસ્યા કરી હતી જેમાં તેમનો વર્ણ કાળો થઈ ગયો હતો પરંતુ દેવીની તપસ્યાથી પ્રસન્ન અને સંતુષ્ઠ મહાદેવે તેમના શરીરને ગંગાજીના પવિત્ર જળથી ધોયું હતું ત્યારથી તેમનો વર્ણ વિદ્યુતપ્રભાની જેમ અત્યંત કાંતિમાન અને શ્વેત બની ગયો હતો અને ત્યારથી તેઓ 'મહાગૌરી' તરીકે પૂજનીય થયા હતા.

દેવી-દેવતાઓ પણ એકબીજાને પ્રસન્ન કરવા તપસ્યા કરતા હતા અને ઈચ્છિત ફળ મેળવતા હતા. મહાગૌરીનું આ સ્વરૂપ અન્નપુર્ણા, ઐશ્વર્ય પ્રદયિની, ચૈતન્યમયી અને ત્રૈલોકય પૂજયા તરીકે પણ પૂજનીય છે. મહાગૌરી શારિરીક, માનસિક અને સંસારીક તાપને હરણ કરવાવાળી દેવી પણ ગણાય છે. આ દેવીની શકિત અમોઘ છે અને તે સદ્યઃ ફળદાયીની છે. આ માની ઉપાસનાથી આ જન્મના જ નહી પરંતુ પુર્વજન્મના પાપ પણ ધોવાય છે અને ઉપાસક પવિત્ર અને અક્ષય પુણ્યોનો અધિકારી બને છે.

માતાજીના આ સ્વરૂપના વર્ણનમાં તેમનો વર્ણ પુર્ણ પણે શ્વેત છે અને માતાજીના આ ગૌરવર્ણની ઉપમા શંખ, ચંદ્ર અને કુંદના ફુલો સાથે કરાઈ છે. માતાજીના તમામ વસ્ત્રો અને આભુષણો શ્વેત છે. મસ્તક ઉપર ચંદ્રનો મુગટ ધારણ કર્યો છે અને વાહન વૃષભ એટલે કે બળદ છે દેવીનો ઉપરનો જમણો હાથ અભય મુદ્રામાં છે અને નીચેના હાથમાં ત્રિશુલ છે જયારે ઉપરના ડાબા હાથમાં ડમરૂ અને નીચેના હાથમાં વરમુદ્રા છે. દેવી માતા શાંત મુદ્રામાં બિરાજમાન છે. મહાગૌરી ધન, વૈભવની અને સુખ-શાંતિની અધિષ્ઠાત્રી દેવી તરીકે પણ પૂજાય છે. આ દેવી સુમધુર ગીત સંગીતથી અતિ પ્રસન્ન બને છે અને પ્રસાદમાં શ્રીફળ તેમજ તેના વ્યંજન ધરાવવાથી સાધક તમામ સંકટોમાંથી મુકત બને છે. આઠમું સ્વરૂપ 'મા દુર્ગા'નું પણ ગણાય છે. દુર્ગમ અસુરોનો ધ્વસ્ત કરી જગતનું કલ્યાણ કરનારા માતા પાર્વતીના સ્વરૂપ તરીકે પણ આ દેવી પૂજાય છે.